# મહારાષ્ટ્રમાં ભાજપ-શિવસેના સરકારના એંધાણ

**મહારાષ્ટ્રના રાજકીય સંકટમાં નવો વળાંક : મહાવિકાસ અઘાડી સરકારમાંથી બહાર થવા શિવસેના તૈયાર : રાઉત : શિંદે સાથે જે ધારાસભ્યો સુરત આવ્યા છે તે તેમની સાથે છે કે નહીં તે હજુ સત્તાવાર રીતે જાણવા નથી મળ્યું, સરકાર બચાવવા શિવસેનાના ધમપછાડા**



મુંબઈ, તા.૨૩

મહારાષ્ટ્રના રાજકીય સંકટમાં આજે વધુ એક નવો વળાંક આવ્યો છે. શિવસેનાના સાંસદ સંજય રાઉતે ગુરુવારે પ્રેસ કોન્ફરન્સ કરીને કહ્યું હતું કે, જો બળવાખોર ધારાસભ્ય ૨૪ કલાકમાં મુંબઈ પરત ફરશે તો, શિવસેના મહાવિકાસ અઘાડી સરકારમાંથી બહાર થવા તૈયાર છે. સંજય રાઉતના આ નિવેદનથી મહારાષ્ટ્રની રાજનીતિમાં ભૂકંપ આવી ગયો છે. કેમ કે, મહાવિકાસ અઘાડી સરકારને બચાવવા માટે કોંગ્રેસ અને એનસીપી સુપ્રીમો શરદ પવાર પણ સતત પ્રયાસો કરી રહ્યા છે. જો કે, સંજય રાઉતના અલગ થવાના નિવેદનથી કોંગ્રેસ અને એનસીપીમાં હડકંપ મચી જવા પામ્યો છે. ગુરુવારે પ્રેસ કોન્ફરન્સને સંબોધન કરતાં સંજય રાઉતે કહ્યું હતું કે, ધારાસભ્યોએ મુંબઈ પરત આવવું જોઈએ અને આ મુદ્દે મુખ્યમંત્રી સાથે ચર્ચા કરવી જોઈએ. જો આ તમામ ધારાસભ્યોની ઈચ્છા હશે તો, અમે એમવીએમાંથી બહાર થવા અંગે વિચારી શકીએ છીએ.

## શિંદેનું જોર વધ્યું, શિવસેનાના ૧૭ સાંસદ પણ બળવાના મૂડમાં

**મહારાષ્ટ્રના રાજકારણમાં જોરદાર ઊથલપાથલ : રિપોર્ટ અનુસાર ૧૭ સાંસદ એકનાથ શિંદેના સંપર્કમાં છે : ગુવાહાટીમાં થાણેના સાંસદ રાજન વિચારે હાજર**



નવી મુંબઈ, તા.૨૩

મહારાષ્ટ્રમાં જબરદસ્ત રાજકીય ઉથલપાથલ જોવા મળી રહી છે. એકબાજુ જ્યાં ઝસ ઉદ્ધવ ઠાકરેએ સરકારી બંગલો ખાલી કર્યો છે, ત્યારે એકનાથ શિંદે હજુ પણ અડગ છે અને આસામમાં ૫-સ્ટાર ફોટલમાં બેઠા છે, જ્યાં તેમને મળતું સમર્થન પણ વધતુ જોવા મળી રહ્યું છે.

આજે કરેલ શક્તિ પ્રદર્શનમાં શિવસેનાના ૩૫ અને અન્ય ૭ ધારાસભ્યો સાથે મળીને કુલ ૪૨ ધારાસભ્યો શિંદે સમૂહ સાથે જોવા મળ્યા હતા. જોકે હવે આશંકા છે શિવસેનાના સાંસદો પણ બળવાના મૂડમાં છે.

શિવસેનાના ધારાસભ્યોની સાથે હવે સેનાના સાંસદોને પણ શિંદેનું સમર્થન મળી રહ્યું છે. મળતા અહેવાલ અનુસાર હવે શિવસેનાના ૧૭ સાંસદોએ પણ શિંદેને સમર્થન આપ્યું છે.

રિપોર્ટ અનુસાર ૧૭ સાંસદ એકનાથ શિંદેના સંપર્કમાં છે. ગુવાહાટીમાં થાણેના સાંસદ રાજન વિચારે હાજર છે. વસીમના સાંસદ ભાવના ગવલી, પલઘરના સાંસદ રાજેન્દ્ર ગાવિત, રામટેકના સાંસદ કૃપાલ, કલ્યાણના સાંસદ શ્રીકાંત શિંદેને પણ પોતાનું સમર્થન આપ્યું છે. આ શક્તિપ્રદર્શન અને વધુ એક એમએલએ શિવસેનામાંથી તોડતા શિંદે આજે કોઈ મોટો નિર્ણય લઈ શકે છે.

## એકનાથ શિંદે જૂથ પાર્ટીના ચિહ્ન અને ઝંડાને લઈને પણ દાવો કરી શકે છે

**એકનાથ શિંદે જુથ શિવસેનાના ચિહ્ન પર દાવો કરવાની તૈયારી કરી રહ્યું છે**

મુંબઈ, તા.૨૩

મહારાષ્ટ્રની રાજકીય કટોકટીની વચ્ચે મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે ચારે બાજુથી ઘેરાયેલા છે. શિવસેનાના બળવાખોર નેતા એકનાથ શિંદે સતત પાર્ટી પર પોતાની પકડ મજબૂત કરી રહ્યા છે. તેમણે દાવો કર્યો છે કે, શિવસેનાના ૪૦ ધારાસભ્યો તેમની સાથે છે. આ સિવાય ઘણા અપક્ષ ધારાસભ્યો પણ તેમની તરફેણમાં છે. તેથી હવે શિવસેનામાં ભાગલા પડવાની શક્યતા છે. આવી સ્થિતિમાં હવે એવું કહેવામાં આવી રહ્યું છે કે, પાર્ટીના ચિહ્ન અને ઝંડાને લઈને પણ વિવાદ શરૂ થઈ શકે છે. કહેવામાં આવી રહ્યું છે કે, એકનાથ શિંદે જુથ હવે શિવસેનાના 'ધનુષ્ય અને બાણ' ચિહ્ન પર દાવો કરવાની તૈયારી કરી રહ્યું છે. સાથે જ આ મામલો ટૂંક સમયમાં ચૂંટણી પંચ સુધી પહોંચી શકે છે.

## કોવિડ પ્રોટોકોલના ઉલ્લંઘન બદલ ઉદ્ધવ સામે ભાજપ નેતાની ફરિયાદ

મુંબઈ, તા.૨૩

ભાજપ નેતા તર્જિંદર પાલ સિંહ બગ્ગાએ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે વિરુદ્ધ કોવિડ પ્રોટોકોલનું ઉલ્લંઘન કરવા બદલ ઓનલાઈન ફરિયાદ નોંધાવી છે.

મુખ્યમંત્રી કાર્યાલય (સીએમઓ)ના એક અધિકારી દ્વારા બુધવારે જાણકારી આપવામાં આવી હતી કે, સીએમ ઉદ્ધવ ઠાકરેનો કોવિડ ટેસ્ટ બાદ રિપોર્ટ કોવિડ પોઝિટીવ આવ્યો હતો. સીએમએ બુધવારે પોતાના વેબકાસ્ટ દરમિયાન પણ સંક્રમિત હોવાની પુષ્ટિ કરી હતી.

જોકે, ત્યારબાદ બુધવારે રાત્રે ઉદ્ધવ ઠાકરે સીએમ આવાસ છોડીને માતોશ્રી ચાલ્યા ગયા હતા. આ દરમિયાન માતોશ્રી પહોંચ્યા બાદ તેઓ ગાડીમાંથી બહાર નીકળીને પોતાના સમર્થનોનું અભિવાદન કરતા નજર આવ્યા હતા.

આવી સ્થિતિમાં બીજેપી નેતા તર્જિંદર બગ્ગાએ સીએમ ઉદ્ધવ ઠાકરે વિરુદ્ધ મુંબઈના માલાબાર હિલ પોલીસ સ્ટેશનમાં કોવિડ નિયમોનું ઉલ્લંઘન કરવા અને લોકો સાથે મુલાકાત કરવા બદલ ફરિયાદ નોંધાવી છે. તર્જિંદર બગ્ગાએ પોલીસને કરેલી ફરિયાદની એક તસવીર પણ ટ્વીટ કરી છે.

## સત્યેન્દ્ર જૈન-નવાબ મલિકને બરતરફ કરવા પીઆઈએલ

**આઈએએસ અને અન્ય જાહેર સેવકોની જેમ બે દિવસની ન્યાયિક કસ્ટડી પછી અસ્થાયી રૂપે પદેથી હટાવવા માગ**

નવી દિલ્હી, તા.૨૩

જેલમાં બંધ દિલ્હીની આપ સરકારના મંત્રી સત્યેન્દ્ર જૈન અને મહારાષ્ટ્રના નવાબ મલિકને બરતરફ કરવાની માંગને લઈને



સુપ્રીમ કોર્ટમાં એક પીઆઈએલ દાખલ કરવામાં આવી છે. તેના પર સુપ્રીમ કોર્ટે ગુરૂવારે જણાવ્યું હતું કે, આ અરજીને મુખ્ય ન્યાયાધીશની પીઠ સમક્ષ રાખવામાં આવશે. ત્યારબાદ તેને સૂચિબદ્ધ કરવામાં આવશે.

મંત્રી જૈન અને મલિકની અલગ-અલગ ગુનાઓ મામલે ધરપકડ કરવામાં આવી છે. બંને નેતાઓ હજુ જ્યુડિશિયલ કસ્ટડીમાં જેલમાં બંધ છે. ગુરુવારે જસ્ટિસ સીટી રવિકુમાર અને સુધાંશુ ધૂલિયાની વેકેશન બેન્ચ સમક્ષ આ બાબતનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો જેમાં તાત્કાલિક સુનાવણીની માંગ કરવામાં આવી હતી.

આ પીઆઈએલ અધિવક્તા અશ્વિનિ કુમાર ઉપાધ્યાયે વકીલ અશ્વિનિ કુમાર દૂબેના માધ્યમથી દાખલ કરવામાં આવી છે. આ પીઆઈએલમાં માંગ કરવામાં આવી છે કે, દિલ્હી અને મહારાષ્ટ્ર સરકારના બંને મંત્રીઓને બરતરફ કરવાનો નિર્દેશ આપવામાં આવે. અરજીમાં કહેવામાં આવ્યું છે કે, એક મંત્રી માત્ર એક લોક સેવક નથી પરંતુ તે એક ધારાસભ્ય પણ છે.

આઈએએસ અધિકારીઓ અને અન્ય જાહેર સેવકોની જેમ બે દિવસની ન્યાયિક કસ્ટડી પછી તેમને અસ્થાયી રૂપે પદ પરથી હટાવી દેવા જોઈએ.

## અગ્નિપથમાં ફોર્મ ભરનારાઓને સામાજિક બહિષ્કારની ખાપની ધમકી

**અગ્નિપથ સામેનો વિરોધ જારી : હરિયાણાના રોહતક જિલ્લાના એક ગામમાં પંચાયત બોલાવાઈ હતી જેમાં વિવિધ ખાપના પ્રતિનિધિઓ હાજર**

રોહતક, તા.૨૩

ખાપ નેતાઓ અને ખેડૂત આંદોલનના પ્રતિનિધિઓએ બુધવારે કહ્યું કે જે કોઈપણ અગ્નિપથ ભરતી યોજનાનું ફોર્મ ભરશે અથવા તેમાં ભાગ લેશે તેઓનો 'સામાજિક બહિષ્કાર' કરવામાં આવશે. હરિયાણાના રોહતક જિલ્લાના એક ગામમાં બુધવારે પંચાયત બોલાવાઈ હતી જેમાં



વિવિધ ખાપ પંચાયતના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. આ પંચાયતમાં હરિયાણા, હિમાચલ પ્રદેશ, રાજસ્થાન અને પંજાબની વિવિધ ખાપના પ્રતિનિધિઓ હાજર રહ્યા તેમજ ત્યાંના વિદ્યાર્થી સંગઠનોના સભ્યોએ પણ હાજરી આપી હતી.

આ મીટિંગના અધ્યક્ષસ્થાને હાજર રહેલા ઓમ પ્રકાશ ધાનકરે કહ્યું કે 'અગ્નિપથ યોજના મુદ્દે આંદોલન કરી રહેલા જે યુવકોની અટકાયત કરાઈ છે તેઓ સામેના કેસ પાછા ખેંચવામાં આવે તેવી અમારી માગ છે.

તારીખ ૨૪મી જૂને આ નિવેદન સોંપવામાં આવશે. મહાપંચાયતે એ પ્રકારે પણ જાહેરાત કરી છે કે કૃષિ આંદોલનની માફક જાહેર તેમણે એવું પણ જણાવ્યું કે, આ પંચાયતમાં એ પ્રકારે પણ નિર્ણય લેવાયો છે કે મલ્ટિનેશનલ કંપનીમાંથી રૂપિયા ૧૦,૦૦૦ કે તેથી વધુ કિંમતની કોઈ ચીજવસ્તુ ખરીદવી નહીં. કારણકે, આ કોર્પોરેટ કંપનીઓ પોતાના પ્લાન મુજબ કેન્દ્ર સરકાર દ્વારા અગ્નિપથ જેવી યોજનાઓ લાવી રહી છે. અમે તેઓને આર્થિક નુકસાન પહોંચાડવા માગતા હોવાથી તેઓની ચીજવસ્તુઓનો બહિષ્કાર કરીએ છીએ.

## રાજ્યમાં શાળા પ્રવેશોત્સવનો મુખ્યમંત્રીના હસ્તે આરંભ

**ભૂપેન્દ્ર પટેલે બાળકો સાથે કરી મસ્તી : મુખ્યમંત્રીએ વડગામ તાલુકાની મેમદપૂરા પ્રાથમિક શાળાથી પ્રારંભ કરાવ્યો**





બનાસકાંઠા,તા.૨૩

આજથી ત્રણ દિવસ માટે રાજ્યમાં શાળા પ્રવેશોત્સવનો કાર્યક્રમ શરૂ થયો છે. ત્યારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શાળા પ્રવેશોત્સવનો બનાસકાંઠાના વડગામ તાલુકાની મેમદપૂરા પ્રાથમિક શાળાથી પ્રારંભ કરાવ્યો છે. આજથી રાજયભરમાં શાળા પ્રવેશોત્સવનો કાર્યક્રમ ત્રણ દિવસ એટલે કે ૨૩, ૨૪ અને ૨૫ જૂન ૧૭મા શાળા પ્રવેશોત્સવની શરુઆત કરી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ પ્રવેશોત્સવમાં નાના ભૂલકાઓને કિટ આપી હતી. આ સાથે તેમણે બાળકો સાથે વાતો પણ કરી હતી. રાજયમાં શાળા પ્રવેશોત્સવના કાર્યક્રમો આજથી ૨૫ જૂન ૩ દિવસ સુધી ચાલશે. શાળાઓમાં નવું શૈક્ષણિક સત્ર શરૂ થયા બાદ આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. જેને પગલે તમામ મંત્રીઓને પ્રભારી જિલ્લાની જવાબદારી સોંપી દેવામાં આવી છે. તમામ મંત્રી પ્રભારી જિલ્લામાં જશે અને ત્યાં પ્રારંભ કરાવીને નિરીક્ષણ કરશે. રાજ્યસરકારના પ્રવક્તા જીતુ વાઘાણીએ સોમવારે શાળા પ્રવેશોત્સવના આયોજન વિશે વિશેષ માહિતી આપી હતી. જેમા તેમણે જણાવ્યુ હતુ કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ રાજ્યવ્યાપી શાળા પ્રવેશોત્સવનો પ્રારંભ બનાસકાંઠાના વડગામ તાલુકાની મેમદપૂરા પ્રાથમિક શાળાથી તારીખ ૨૩ જૂન ગુરૂવારે કરાવશે. તેમ પણ શિક્ષણ મંત્રીએ ઉમેર્યુ હતું. તેમણે કહ્યું હતું કે, મુખ્યમંત્રી શાળા પ્રવેશોત્સવના આ સેવાયજ્ઞના બીજા દિવસે તાપી જિલ્લાના અંતરિયાળ વિસ્તાર નિઝરના રૂમકી તળાવ ગામની પ્રાથમિક શાળામાં બાળકોનું નામાંકન કરાવશે. તેમજ ત્રીજા દિવસે અમદાવાદના મેમનગર ખાતે મુખ્યમંત્રી ઉપસ્થિત રહેશે.

## કોરોનાનું જોર વધ્યુ : દેશમાં કોરોનાના ૧૩,૩૧૩ નવા કેસ

નવી દિલ્હી, તા.૨૩

ભારતમાં કોરોના રોગચાળાએ ફરી એકવાર જોર પકડ્યું છે. સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા રિપોર્ટ અનુસાર છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૧૩,૩૧૩ નવા કેસ નોંધાયા છે. તે જ સમયે ૩૮ લોકોના મોત થયા છે. દેશમાં સક્રિય કેસ વધીને ૮૩ હજારથી વધુ (૮૩,૯૯૦ કેસ) થઈ ગયા છે. અગાઉ એટલે કે ૨૨ જૂને દેશભરમાં કોરોના સંક્રમણના ૧૨૨૪૯ નવા કેસ નોંધાયા હતા. જ્યારે ૧૩ લોકોના મોત થયા છે. જે પાંચ રાજ્યોમાં કોવિડની સ્થિતિ ચિંતાજનક છે તેમાં કેરળ (૪,૨૨૪), મહારાષ્ટ્ર (૩,૨૬૦), દિલ્હી (૯૨૮), તમિલનાડુ (૭૭૧) અને ઉત્તર પ્રદેશ (૬૭૮)નો સમાવેશ થાય છે. કુલ નવા કેસોમાંથી ૭૪.૦૭ ટકા આ પાંચ રાજ્યોમાંથી આવ્યા છે. તે જ સમયે, કુલ નવા કેસોમાં ફક્ત કેરળનો હિસ્સો ૩૧.૭૩ ટકા છે. કોવિડને કારણે છેલ્લા ૨૪ કલાકમાં ૩૮ દર્દીઓના મોત થયા છે. દેશમાં કોવિડને કારણે અત્યાર સુધીમાં પાંચ લાખ (૫,૨૪,૯૪૧) થી વધુ લોકોના મોત થયા છે. દેશમાં કોવિડમાંથી રિકવરી રેટ ૯૮.૬ ટકા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૧૦,૯૭૨ દર્દીઓએ કોવિડને માત આપી છે.

## જોનપુરના એક ગામમાં ગેસ ગળતરથી ત્રણનાં કરૂણ મોત

જોનપુર, તા.૨૩

જોનુપુરમાં મહારાજગંજ કેવટલી ગામમાં ગુરૂવારે સવારે ઘરેલું ગેસ સિલિન્ડરના ગળતરના કારણે મોટી દુર્ઘટના બની છે. દૂધ ગરમ કરતી વખતે આગ લાગવાથી પતિ-પત્ની અને તેમના ૨ બાળકો સહીત ૫ લોકો દાઝી ગયા હતા. આ ઘટનાથી પરિવારમાં કોહરામ મચી ગયો છે. લોકોએ આગ પર કાબુ મેળવ્યો હતો. સૂચના મળતા પહોંચેલી પોલીસ અને સ્થાનિક લોકોની મદદથી દાઝી ગયેલા લોકોને હોસ્પિટમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. પ્રાથમિક તપાસ બાદ ડોક્ટરે પાંચેય લોકોને જિલ્લા હોસ્પિટલમાં રેફર કરી દીધા હતા. જ્યાં ૩ લોકોના મોત થઈ ગયા હતા. તે વિસ્તારના ધારાસભ્ય રમેશ મિશ્ર પણ હોસ્પિટલ પહોંચ્યા હતા.

મળતી માહિતી પ્રમાણે કેવટલી નિવાસી અખિલેશ વિશ્વકર્માની ૨૮ વર્ષીય પત્ની નીલમ પોતાના ઘરમાં દૂધ ગરમ કરી રહી હતી. તેમના બે બાળક ૫ વર્ષનો શિવાંશ અને ૩ વર્ષનો યુવરાજ તથા પતિ અખિલેશ ઉંઘી રહ્યા હતા.

### સાવધાન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લામાં આજે ૮ નવા કેસ નોંધાયા છે. જેમાં ગાંધીનગર ગ્રામ્યમાં ૫ અને કલોલ તાલુકામાં ૩ કેસ નોંધાયા છે. આજે નોંધાયેલ કેસમાં એક દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આજે નોંધાયેલ કેસમાં પાંચ મહિલા દર્દી નોંધાયા છે. મહિલા દર્દીઓની સંખ્યા વધતાં તંત્રમાં ચિંતા વધી છે.

આદરજ મોટી પ્રા.આ. કેન્દ્રની હકુમતમાં આવેલ અદાણી શાંતિગ્રામમાંથી ૪ કેસ મળેલ છે. જેમાં એક દંપત્તિનો સમાવેશ થાય છે. આ દંપત્તિ રાજ્ય બહાર પ્રવાસે ગયુ હોવાનું જાણવા મળેલ છે. અદાણી શાંતિગ્રામમાં આજે નોંધાયેલ ૪ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

આ ઉપરાંત ઉવારસદ પ્રા.આ. કેન્દ્રની હકુમતમાં આવતા અડાલજમાંથી આજે વધુ એક કેસ મળી આવેલ છે. અડાલજ ત્રીજી લ્હેર વખતે પણ સંવેદનશીલ વિસ્તાર તરીકે ઉભરી આવ્યુ હતુ. આ દર્દીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

કલોલ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાંથી બે અને કલોલ અર્બનમાંથી એક એમ ત્રણ કેસ આજે મળી આવતાં તંત્રમાં દોડધામ મચી ગઈ હતી.

કલોલના વડસર ગામે એક ૨૪ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીને સારવાર માટે વિસનગર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

રાંચરડામાં ૬૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમજ કલોલ અર્બન-૧ માંથી ૫૬ વર્ષિય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ બન્ને મહિલા દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્ય છે.જિલ્લામાં આજે ૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આજે નોંધાયેલા કેસ સાથે હાલ ગ્રામ્ય વિસ્તારમાં ૨૧ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. ગ્રામ્ય વિસ્તારમાં ૧૨૮૦થી વધુ લોકોને હોમ આઈસોલેટ કરવામાં આવ્યા છે.

## મેડિકલ કોલેજમાં ઈન્ટર્નશીપ કરી રહેલા ડોક્ટરોની હડતાળ સમેટાઈ

અમદાવાદ, તા.૨૩


રાજ્યની મેડિકલ કોલેજમાં ઈન્ટર્નશીપ કરી રહેલા ડોક્ટરોની હડતાળ આખરે સમેટાઈ ગઈ હતી અને ઘીના ઠામમાં ઘી ઢોળાયું હતું. અમદાવાદ બી.જે. મેડિકલ કોલેજ ખાતે સતત તેર દિવસ સુધી ઈન્ટર્ન ડોક્ટર્સ દ્વારા હડતાળ કરવામાં આવી હતી. જો કે ડોક્ટર્સ દ્વારા કોઈપણ માગ પૂર્ણ થયા વિના જ ઈન્ટર્ન ડોક્ટરો કામ પર પરત ફર્યા હતા. આખરે આરોગ્ય વિભાગના છઝ્રજી મનોજ અગ્રવાલ દ્વારા માગણીઓ મામલે આપવામાં આવેલા આશ્વાસનથી સંતોષ માનીને ઈન્ટર્ન ડોક્ટરો કામે લાગી ગયા હતા.

દ્ગસ્ઝ ની ગાઈડલાઈનનું પાલન કરવામાં આવે તેવી માંગ સાથે ઈન્ટર્ન ડોક્ટર્સ દ્વારા હડતાળ પાડવામાં આવી હતી. ૧૩ દિવસથી ચાલી રહેલી હડતાળ આખરે સમેટાઈ ગઈ હતી. પોલીસી મેટર હોવાથી માંગણીઓ પૂર્ણ કરવામાં સમય લાગશે, તેવું કહીને હડતાળ પૂર્ણ કરાવી લેવામાં આરોગ્ય વિભાગને સફળતા મળી હતી.

## ન્યુ ડેવલપમેન્ટ બેંકના ડાયરેક્ટર જનરલ મેનેજર પદે પૂર્વ મુખ્ય સચિવ ડી.જે. પાંડીયનની નિમણૂંક

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાત સરકારમાં અનેક ઉચ્ચ પદો શોભાવનાર ડી.જે. પાંડિયનની નિમણૂંક ન્યુ ડેવલપમેન્ટ બેંકના ભારતીય રીજનના ડાયરેક્ટર જનરલ મેનેજર પદે કરવામાં આવી છે. ગાંધીનગર નજીકની ગીફ્ટસીટી ખાતે ન્યુ ડેવલપમેન્ટ બેંકના ઈન્ડિયન રીજન ઓફિસનો પ્રારંભ કરવામાં આવ્યો છે.



શાંધાઈમાં હેડ ક્વાર્ટર ધરાવનાર ન્યુ ડેવલપમેન્ટ બેંકે ગયા મહિને જ ભારતીય ઉપખંડમાં વેપાર વધારવાનો નિર્ણય કર્યો હતો. આ નિર્ણયના ભાગરૂપે ગાંધીનગર સ્થિત ગીફ્ટસીટી ખાતે ન્યુ ડેવલપમેન્ટ બેંકના ઈન્ડિયન રીઝનનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જેના હેડ તરીકે ડી.જે. પાંડીયનને મુકવામાં આવ્યા છે.

ડી.જે. પાંડીયન ગુજરાત કેડરના નિવૃત્ત આઈએએસ અધિકારી છે. ગુજરાત સરકારમાં મુખ્ય સચિવપદ શોભાવનાર ડી. જે. પાંડીયન પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના ખૂબ અંગત અને વિશ્વાસુ છે. મુખ્ય સચિવપદેથી નિવૃત્ત થયા બાદ તેમની નિમણૂંક એશીયન ડેવલપમેન્ટ બેંકના હેડ તરીકે થઈ હતી. ત્યારબાદ તેઓ હવે ન્યુ ડેવલપમેન્ટ બેંકના હેડનું પદ શોભાવશે.

ડી.જે. પાંડીયનની ગણના ખૂબ જ બાહોશ અધિકારી તરીકે થાય છે. આ ઉપરાંત તેઓ ખૂબ જ માનવતાવાદી, સરળ અને નિખાલસ છે અને ગરીબો-વંચિતોને મદદ કરવાની ભાવના ધરાવે છે. તેમના ધર્મપત્નિ ગાંધીનગરના ગરીબ બાળકોના શિક્ષણકાર્યમાં સતત ગળાડૂબ રહે છે.

ડી.જે. પાંડીયનની નિમણૂંક ન્યુ ડેવલપમેન્ટ બેંકના હેડ તરીકે થતા ભારતના વિકાસકાર્યો હવે વધુ વેગવંતા બનશે. બેંક દ્વારા એપ્રુવ થયેલા ૨૦ જેટલા પ્રોજેક્ટ્સ ભારતમાં ચાલી રહ્યા છે. ૭.૨ બીલીયન યુએસ ડોલરના આ પ્રોજેક્ટ્સને હવે રફતાર મળશે. આ બેંકની સ્થાપના બ્રીક્સના ચાર સ્થાપક સભ્યો સાઉથ આફ્રિકા, બ્રાઝિલ, રશીયા અને ભારત દ્વારા થઈ છે. આ તમામ દેશોમાં વ્યાપક વિકાસકાર્યો કરવા માટે બેંક દ્વારા જે તે દેશોમાં સ્થાનિક ઓફિસસ શરૂ કરવામાં આવી છે.